# એચપીવી (HPV) વેક્સીન

# એચપીવી શું છે?

- મોટાભાગના ગર્ભાશયના મુખના કેન્સર હ્યુમન પેપિલોમા વાયરસ (એચપીવી) સાથે સંકળાયેલા હોય છે, જે જાતીય સંપર્ક દ્વારા ફેલાતો ચેપ છે.
- એચપીવીની રસીના વ્યાપક રસીકરણ દ્વારા ગર્ભાશયના મુખના કેન્સરની વિશ્વવ્યાપી અસરને ઘટાડી શકાય છે.
- એચપીવી વેક્સીન એ હ્યુમન પેપીલોમા વાયરસના ઇન્ફેકશન સામે રક્ષણ આપતી રસી છે. એચપીવી 200 થી વધુ સંબંધિત વાયરસનો એક જૂથ છે, જેમાંથી 40 થી વધુ પ્રત્યક્ષ જાતીય સંપર્ક દ્વારા ફેલાય છે.

# એચપીવી રસી શું કરે છે?

**એચપીવી રસી નીચે જણાવ્યા પ્રમાણે  રક્ષણ આપે છે:**

- એચપીવી પ્રકાર 16 અને 18 - 2 પ્રકારો કે જે 80% **ગર્ભાશયના મુખના કેન્સરના** કેસનું કારણ છે
- એચપીવી પ્રકાર 6 અને 11, જે 90% જેનીટલ **વાર્ટના** કેસોનું કારણ બને છે
- અન્ય 5 પ્રકારના એચપીવી (પ્રકાર 31, 33, 45, 52, અને 58) કે જે **ગર્ભાશયના મુખ, ગુદા, વલ્વા / યોનિ, શિશ્ન અથવા ગળાના કેન્સર** તરફ દોરી શકે છે

- **Gardasil 9** એ યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મંજૂર કરવામાં આવેલી એચપીવી રસી છે અને છોકરીઓ તથા છોકરાઓ બંને માટે તેનો ઉપયોગ કરી શકાય છે.
- જો આ વાયરસના સંપર્કમાં આવતા પહેલા છોકરી કે સ્ત્રીને આ રસી આપવામાં આવે તો મોટા ભાગના કેસમાં ગર્ભાશયના મુખનું કેન્સર થતું અટકાવી શકાય છે.
- આ ઉપરાંત, આ રસી સ્ત્રીઓમાં યોનિમાર્ગ અને વલ્વર કેન્સરને તથા સ્ત્રીઓ અને પુરુષોમાં જેનીટલ **વાર્ટના** અને ગુદાના કેન્સરને અટકાવી શકે છે.

- ગર્ભાશયની કેન્સર સાથે સંકળાયેલ એચપીવીના પ્રકારો સામે રસીકરણ કરનાર છોકરો પણ સંભવતઃ પ્રસારને ઘટાડીને છોકરીઓને વાયરસથી સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે.
- કેટલાક પ્રકારના એચપીવી મોં અને ગળામાંના કેન્સર સાથે પણ સંકળાયેલા છે, તેથી એચપીવી રસી આ કેન્સર સામે પણ રક્ષણ આપે છે.

# રસી નો ડોઝ

**૯ - ૧૪ વર્ષની ઉમર માટે :**

- રસીના ૨ ડોઝ
- પ્રથમ ડોઝ આપ્યાના ૬ મહિના પછી બીજો ડોઝ આપવામાં આવે છે

# રસી નો ડોઝ

**૧૫ વર્ષથી વધુ ઉમર માટે :**

- રસીના ૩ ડોઝ
- પ્રથમ ડોઝના ૨ મહિના પછી બીજો ડોઝ આપવામાં આવે છે
- બીજા ડોઝના ૪ મહિના પછી ત્રીજો ડોઝ આપવામાં આવે છે
- ૩ ડોઝ પુરા થવા માટે ૬ મહિનાનો સમય લાગે છે

# આભાર